# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૯ • સળંગ અંક : ૪૨૦ • તા. ૨૭ જૂન થી ૦૩ જુલાઈ ૨૦૨૬

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.






## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટનો

# રજત જયંતી મહોત્સવ ઉમંગભેર ઉજવાયો








Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane (W),
Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# માણસ માત્રમાં ઈચ્છાઓ-અપેક્ષાઓ ભરેલી છે

માણસ માત્રમાં ઈચ્છાઓ અને અપેક્ષાઓ ઠાંસોઠાંસ ભરેલી છે. આ કામનાઓ જેના લીધે તેનામાં સુખ વૃતિ પોષાય છે. દરેકનું જીવન ઈચ્છાઓનો ગુલદસ્તો છે. આ કંઈ એકલ દોકલ ઈચ્છાઓ નહીં પણ અઢળક કામનાઓ, અધૂરી અપેક્ષાઓ અને અન્ય પાસે રાખેલી વાંછનાઓ માણસને જીવતો રાખે છે. આજે નહીં તો કાલે આ અપેક્ષાઓ પૂર્ણ થશે એ તાકમાં ને તાકમાં માનવી જીવે છે. શ્વાસ લે છે. તદ્દન સામાન્ય ઈચ્છાથી લઈને અપેક્ષા બહારની ઈચ્છાઓ માનવીના મન-મગજમાં જીવે છે અને એના સહારે તે પોતે જીવે છે. આ અધૂરી અપેક્ષાઓને પૂરી કરવા માણસ સતત દોડતો, ભાગતો રહે છે. જો કોઈ ઈચ્છા જ ન હોય તો આ જીવન શુષ્ક થઈ જાય અને માનવી નિષ્કીય બનીને એદીનો પીર બનીને સુષુપ્ત થઈ જાય. આમ ઈચ્છાઓ આપણને સમૃદ્ધ બનવા પ્રેરે છે, તો ઈચ્છાઓ ખરાબ પ્રવૃત્તિ ભણી પણ દોરે છે.

ઈચ્છાપૂર્તિ થવાની ભાવનાથી માણસ ચેતનવંત રહે છે, કાર્યશીલ અને ઉદ્યમી થાય છે. અત્યંત સામાન્ય વર્ગનો માનવી સમૃદ્ધિ શમણાં સેવતો જીવે છે. સુખની પાસે લટકતાં ગાજરની લાલચે દોડતો પ્રાણી હડિયાપટ્ટી કાઢે એવો તાલ એનો હોય છે. પોતાની જીવન કક્ષા ઊંચે આવે એવી અપેક્ષા સામાન્ય વર્ગના માનવી તો શું સમૃદ્ધવાન વ્યક્તિ પણ વધુને વધુ સમૃદ્ધિ ઝંખતો હોય છે. આ બધી અપેક્ષા ઈચ્છાઓના અભરખાને લીધે જ ઈચ્છાઓ અનંત છે. નાની હોય કે મોટી ઈચ્છાઓ માણસને સતત દોડતો રાખે છે. ઈચ્છાઓની પૂર્તિ થાય કે ન થાય પણ માણસ ઈચ્છાઓથી સદંતર મુક્ત જીવનના અંત સુધી થઈ શકતો નથી. આમ ઈચ્છાઓનો ભરડો માનવીની ઈર્દગિર્દ વીંટળાયેલો રહે છે. નાગચૂડની જેમ તેનો ભરડો જકડેલો હોય છે. ઈચ્છાઓ, અપેક્ષાઓ અનંત છે. જેમ સમુદ્રમાં આવતી લહેરો ગણાય નહીં એમ અપેક્ષા, ઉમ્મીદની ગણતરી ક્યારે પૂરી ના થાય. જેમ સાગરની તરંગ એક કિનારે પહોંચે તેની પાછળ પાછળ બીજી લાગો પાઠ આવી જાય. આ સિલસિલો સળંગ રહે છે. એની ગણતરી કોઈનાથી ન થાય અને ગણતરી કરે તો ક્યારે પૂર્ણાહૂતિ ન પામે એ તો અવિરત ચાલ્યા કરે.

ઈચ્છાઓનું મૂળ ક્યાં છે? એ કોઈનાથી શોધી શકાયું નથી. તે ક્યાંથી જન્મે છે અને ક્યાં વિરમે છે, એનો પણ તાગ મળતો નથી. જેમ રડતા નાના બાળકને તેની માતા પંપાળી શાંત કરવા મથે. તે ભૂખ્યો હોય તો તેની સુધા તૃપ્ત કરે કે અન્ય રીતે તેના રડવાનું પ્રયોજન શોધી તેને છાનો પાડે છે. એવું જ અતૃપ્ત મનનું છે. ઈચ્છાઓ, અપેક્ષાઓ કામનાઓનો અગ્નિ ભડભડતો હોય છે. કેમય કરીને એ શાંત ન થયો હોય, ઈચ્છાઓની અતૃપ્તિ તેને નિરાશ કરે છે. તેમ તેમ સમય જતાં એ વલખા મારી મારી જીવતો રહે છે. સતત ઈચ્છાપૂર્તિ માટે તનતોડ પ્રયાસ કરે છે. ઈચ્છાઓની તૃપ્તિ એના જીવનમાં વધુ સાહસ, વધુ શ્રમ કરવા પ્રેરે છે. નજીવી જેવી સફળતા મળે તો તેનાથી પ્રબળ ઝંખનાઓ જગાવી મહત્વાકાંક્ષા વધારી લક્ષ્ય ભણી દોટ મૂકે છે. સફળતાનો સ્વાદ તેને પ્રગતિશીલ બનાવે છે. આમ ઈચ્છાઓ, અપેક્ષાઓને લીધે જીવનને ગતિ પ્રગતિ મળે છે.

-જય જ્ઞાતિમૈયા

# માણસને ઓળખવું જરૂરી

આપણો વ્યવહાર જાણતાઓ કે અજાણતાઓ સાથે કેવો હોય છે, તેના પરથી આપણી સંસ્કારિતાની જાણ  થાય છે. આપણા માટે ખરાબ વર્તાવ કરનારા પ્રત્યે આપણે કટુતા ધરાવીએ છીએ એ દેખીતું છે પણ આપણા માટે સારું જ વિચારનાર પ્રત્યે આપણે કેવા હોઈએ છીએ એ સંબંધ વ્યવહારનો સેતુ સર્જે છે. આપણી જિંદગીમાં એવા લોકો પણ હોય છે જે આપણી માટે કંઈ પણ કરી છૂટે છે. આપણને એની કેટલી કદર હોય છે. જે આપણને પ્રેમ કરતા હોય, આપણી ચાવત કરતા હોય તેની કાળજી લેવી એ પણ પ્રેમ–દરકારનો જ એક પ્રકાર છે. એને હર્ટ ન થાય એને ઠેસ ન પહોંચે એ વાતનું ધ્યાન રાખવાનું હોય છે. કારણકે એમણે પોતે જાતે કાળજી લીધી હોય છે કે કોઈ વાતે આપણને ઓછું ન આવી જાય. બીજી વાત એ પણ છે કે બધાને ખોટું લાગી જાય એની કાળજી રાખી શકાતી નથી. જેમની સાથે અંગતપણે નાતો હોય તેઓ દુભાય નહીં એવું જરૂરી ધ્યાન રાખી શકાય. ઘણાને વાતવાતમાં ખોટું લાગી જાય એ તેમનો સ્વભાવ હોય છે એ વૈચારિક સંસ્કાર છે. પણ સાવ અજાણ્યો માણસ મોઢું મચકોડી આપણને એની નારાજગી બતાડે તો ઈલાજ કરવો જરૂરી છે. પણ જ્યારે વારંવાર એનર્જી આવી વ્યક્તિઓ પાછળ બગાડવાથી ઉપાય કંઈ અર્થ સરવાનો નથી. એનર્જી એવા પાછળ બગાડવી જે એના માટે લાયક હોય.

દરેક વ્યક્તિઓનો સ્ટાન્ડર્ડ અલગ અલગ હોવાનો ખરાબ કે ખોટું લગાડવાની જેને આદત હોય તેને પડતા મૂકવામાં જ માલ હોય છે. એની સમજ પણ રાખવી જરૂરી છે. બધા સાથે સારી રીતે વર્તવું એ વાત સારી પણ બધા સાથે એક સરખું વર્તાવ રાખવું જરૂરી નથી. કોનું કેટલું માન સન્માન આદર રાખવું એ આપણા વિચાર સંસ્કાર પર આધારિત છે. આપણે પોતે નક્કી કરવું પડતું હોય છે કે કોનું કેટલું રાખવું. આપણા પ્રત્યે જેને લાગણી હોય એને માટે તૂટી પડવામાં વાંધો નથી હોતો. કારણકે સંબંધ, પ્રેમ કે લાગણી બંન્ને તરફથી હોય. આપણે જેનું ધ્યાન રાખીએ છીએ તેની સામેવાળાને ખબર હોવી જરૂરી છે. અને તેનું વર્તન પણ આપણા જેવું હોવું જોઈએ તો જ પરસ્પર સુમેળભર્યો વર્તાવ કહેવાય. માત્ર વાતો કરીને, મોટાં મોટાં બણગાં હાંકી તમારી પ્રત્યે સારો છું, ઉદાર છું એવો માત્ર આડંબર રચના મૂરખ ઘણા હોય છે. એટલે આપણે મૂરખ ન બનીએ એટલી સમજ ચોક્કસ પણે રાખવી જોઈએ.

દરેક વ્યક્તિએ પોતાના વિશેની ધારણાઓ બાંધવામાં સાવચેતી રાખવી જોઇએ. જે પોતાની જાતને કંઈક સમજે છે એણે એટલોતો વિચાર કરવો જોઇએ કે બીજા તેમને શું સમજે છે. પોતાની મગરૂરી માં રહેતા, હવામાં ઉડતાં ઘણાને ખબર નથી હોતી કે ધરતી પર રહેનારા કેટલાક જણ તેમને ગણતરીમાં લેતા નથી, માટે ખોટા ભ્રમમાં રહેવાથી મૂરખનો સરદાર હોવાનું સાબિત થવાનું હોય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 12,000.00 | 22,000.00 | 40,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 16,000.00 | 22,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 11,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટનો રજત જયંતી મહોત્સવ ઉમંગભેર ઉજવાયો









કચ્છની પાવન ધરતી પર જૈન સમાજની સેવા, સંસ્કાર અને સમર્પણ નું પ્રતિક બનેલ શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન-નલીયા એ પોતાના ગૌરવ પૂર્ણ ૨૫ વર્ષ પૂર્ણ કરતા રજત જયંતી મહોત્સવ નું ભવ્ય આયોજન ઘાટકોપર મુંબઈ મુકામે ભવ્ય વાતાનુકુલીત ભાનુશાલી બૅન્કેવટ હોલમાં કરવામાં આવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ ભાવના, ભક્તિ, કૃતજ્ઞતા અને સમાજ પ્રેમના સુંદર સંગમરૂપે ઉજવાયો હતો. જેમાં દેશ-દેશાવર થી આવેલા દાતાશ્રી પરિવારો, જ્ઞાતિના આગેવાનો, મહાનુભાવો, મોટી સંખ્યામાં ગામવાસીઓ, નિયાણી બહેનો સહ પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્ર આરાધક શાસન રત્ન શ્રી નરેન્દ્રભાઈ નંદુ દ્વારા નવકારમંત્ર, માંગલીક સાથે કરવા માં આવી હતી. ત્યારબાદ આજ ના કાર્યક્રમના મુખ્ય અતિથી શ્રી નયનભાઈ ભેદા, પ્રમુખ શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન – મુંબઈ, પ્રમુખશ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધી પક્ષ) જૈન સંઘ, વિશેષ અતિથીશ્રીઓ શ્રી નરેશભાઈ ભવાનજી મોમાયા, શ્રી શાંતિલાલભાઈ નાગડા, શ્રી રાજેશભાઈ શાહ, (દોસ્તી ગ્રુપ) શ્રી રમેશ વિશનજી નાગડા, શ્રી વસંતભાઈ વિકમશી, શ્રીમતી દમયંતીબેન ચાંપસી શાહ, શ્રી હિરેનભાઈ નાગડા, શ્રી મહેન્દ્રભાઈ લાપશીયા, સંસ્થાના સ્થાપક ટ્રસ્ટીશ્રીઓ શ્રી ચીમનલાલ ખોના, શ્રી વિજયભાઈ ખોના, શ્રી ધનજી લાલજી ખોના, તેમજ વર્તમાન ટ્રસ્ટીશ્રીઓ દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો મંગલ પ્રારંભ કરાવેલ.

ત્યારબાદ શ્રી નલીયાતિર્થના મુળ નાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામી ની છબી ને હારારોપણ દાતાશ્રી પરિવાર માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર ખોના પરિવાર તેમજ અચલગછ અધિષ્ઠાયીકા દેવી શ્રી મહાકાળી માતાજીને હારારોપણ માતુશ્રી તારાબાઈ લહેરચંદ શીવજી નાગડા પરિવાર અને જ્ઞાતી શિરોમણી શેઠ શ્રી નરશી નાથા ના છબીને હારારોપણ શ્રીમતી નૌકાબેન મયંકભાઈ મોમાયા પરિવાર દ્વારા કરવામા આવેલ.

ત્યારબાદ ટ્રસ્ટી શ્રી ચેતન માણેકચંદ્ર ખોના દ્વારા પધારેલ મુખ્ય અતિથિશ્રી, વિશેષ અતિથિશ્રીઓ અને દાતાશ્રી પરિવારો, જ્ઞાતિના આગેવાનો, ગામવાસીઓ તથા નીયાણી બહેનો ને આવકારવામાં આવેલ અતિથિ ભવનની સ્થાપના થી લઇ આજ સુધી ની ૨૫ વર્ષની ગૌરવમય સફરની ઝાંખી ઉપસ્થિત સૌને કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૧ માં ગામના દુરંદેશી આગેવાનો અને દાતા પરિવારોના સહયોગથી શરૂ થયેલ આ અતિથિ ભવન આજે હજારો યાત્રીકો ને મહેમાનો અને ગામવાસીઓ માટે આશીર્વાદ રૂપ બન્યુ છે.

આ પ્રસંગે વિશેષ તૈયાર કરાયેલ ડોક્યુમેન્ટરી ફિલ્મ અને આધુનિક ટેક્નોલોજી ના ઉપયોગથી તૈયાર કરાયેલ AI આધારીત પ્રસ્તુતિ દ્વારા અતિથિ ભવનના નિર્માણ, વિકાસ અને સેવા યાત્રાના અવિસ્મરણીય સ્મરણો જીવંત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌએ ભાવિભોર બનીને આ ગૌરવ ગાથાને નિહાળી હતી. ઘણા વડીલોએ જણાવ્યુ હતુ કે આ પ્રસ્તુતિ દ્વારા જાણે અતિથિ ભવનના પાયામાં પોતાનું યોગદાન આપનાર મહાનુભવો

ફરી એકવાર આપણી વચ્ચે ઉપસ્થિત થઇ ગયા હોય તેવી અનુભૂતિ થઇ હતી. અતિથિ ભવનના સંકુલનું નુતની કરણ અને વિસ્તારની માહિતી ટ્રસ્ટી શ્રી ઉમેશભાઈ મોતાએ આપી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા શ્રી.ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પ્રમુખ શ્રી નયનભાઈ અશોકભાઈ ભેદા વિવિધલક્ષી હૉલ રસોડા સહીત ના નુતની કરણ નું ચડાવાનું પૂણ્યલાભ લઇ કાર્યક્રમ ને વિશેષ ગૌરવ અપાવ્યુ હતું. તેમણે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે કોઇપણ સંસ્થાની સાંચી સંપત્તિ તેની ઇમારત નહી પરંતુ તેના પાછળ રહેલી સેવા, સમર્પણ અને એકતાની ભાવના હોય છે. અતિથિભવને છેલ્લા ૨૫ વર્ષ માં સમાજ સેવાનું જે કાર્ય કર્યુ છે તે ખરેખર અનુસ્મરણીય અને પ્રેરણાદાયી છે. અને જ્ઞાતિ કે ગામ ના પ્રસંગોમા સૌએ ઉપસ્થિત રહેવું જોઇયે. એવી ટકોર કરી હતી. અને અતિથિભવનની ટીમને અભિનંદન આપ્યા હતા. સંસ્થા વતી સર્વ ટ્રસ્ટી શ્રીઓ એ શ્રી નયનભાઈ ભેદાનું. બહુમાન કરી અનુમોદના કરેલ.

શાસન રત્ન શ્રી નરેન્દ્રભાઈ નંદુ તથા કચવન્ન – મેઘનંદુ દ્વારા સમગ્ર કાર્યક્રમ નું સુત્ર સંચાલન કરેલ. અતિથિ ભવન ના નુતની કરણ અને વિસ્તાર ના સંકુલનો ઑક્ટોબર ૨૦૨૬ ના લોકાર્પણ પ્રસંગે યોજાનારા ત્રીહાનીકા મહોત્સવ ના ચડાવા ખુબજ ઉલ્લાસપૂર્વક થયા. ગામવાસીઓ – મહાનુભાવો ઉદારમને ચડાવા તથા યોજનાઓ માં લાભ લીધેલ.

મહોત્સવના મહેતાજી તરીકે માતુશ્રી કસ્તુરીબેન રામજી લાલજી ખોના હસ્તે અ.સૌ. અંજનાબેન જયંતીલાલ ગોસર-પરિવાર અંધેરી એ લીધેલ. દાતા પરિવારો નું બહુમાન કરવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ વીશનજી હીરજી છેડા હસ્તે ટ્રસ્ટી શ્રી જયંતભાઈ – પરિવાર મુલુંડ લીધેલ. ત્રિહાન્હીકા મહોત્સવ ની આમંત્રણ પત્રિકા માં જય જીનેન્દ્ર નો બહુમુલ્ય લાભ માતુશ્રી વિમલાબેન વર્ધમાન વિશનજી ખોના – પરિવાર ગોવંડી લિધેલ. અતિથિ ભવન ની આધુનિક ઑફીસ ના નુતની કરણ નું લાભ માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના પરિવાર – ઘાટકોપર એ ઉછળતા ભાવે લીધેલ. તથા અતિથિભવના Suite રૂમ નો ચડાવો શ્રી પ્રેમ શાંતિ પરિવાર હસ્તે માતુશ્રી પ્રેમીલાબેન શાંતીલાલ ખીમજી નાગડા – મુલુન્ડ પરિવારે હર્ષ ઉલ્લાસપૂર્વક લિધેલ. વિવિધલક્ષી હોલ – રસોડા સહિતના નુતની કરણ કરવાનું ચડાવો માતુશ્રી દેવકાંબાઈ ડુંગરશી નાગડા – હુબલી હસ્તે માતુશ્રી પદમાબેન અશોકભાઈ ભેદા – પરિવાર લોઅરપરેલ ખુબજ ઉત્સાહપૂર્વક લીધેલ. અતિથિભવનના નુતની કરણ અને વિસ્તાર ના લોકાર્પણ પ્રસંગે યોજાનારા ત્રીહાન્હીકા મહોત્સવના કાર્યક્રમના ભરત ચક્રવતી ભોજન મંડપનું ચડાવો શ્રી.ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન – નલીયા એ ઉમળકાભેર લીધેલ. અતિથિ ભવના સંકુલના સુશોભિકરણ નુ લાભ શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ – નલીયા એ ખુબજ ભાવપૂર્વક લીધેલ છે. બધા









પરિવારોનું બહુમાન સહ અનુમોદના લાભાર્થી પરિવાર દ્વારા કરવામાં આવેલ. ત્રીહાન્હીકા મહોત્સવ પ્રસંગે સાધર્મિક ભક્તિ ની યોજના માં ગામવાસીઓ દ્વારા જબરદસ્ત પ્રતિસાદ મળેલ.

શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન - નલીયા નાં નવનિર્મિત લીફ્ટ સહીત અતિઆધુનીક સગવડ ધરાવતા ૧૫ રૂમોની નવી વીંગ - નુતન ઉપહાર ગૃહ ના વિસ્તાર અને હાલના અતિથિભવન ના નુતની કરણ ની સ્કવેર ફુટ યોજના ૧ સ્કવેર ફુટ ના રૂ. ૨૭૦૦/- ની યોજના માં પણ ગામવાસીઓ પધારેલા મહાનુભાવો - નિયાણી બહેનો એ જોરદાર પ્રતિસાદ આપી આ યોજનાને સફળ બનાવી હતી. ૨૦ સ્કવેર ફુટ થી ઉપરના નામ સંકુલ માં ઉચીત જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવશે.

રજત જયંતિ નિમિતે અતિથી ભવન નિર્માણ, સંચાલન, અને વિકાસમાં મહત્વપુર્ણ યોગદાન આપનાર દાતાશ્રી પરિવારો, અતી આધુનિક સગવડ ધરવતા ૧૫ રૂમોની નવી વીંગ ના મુખ્ય દાતાશ્રી માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના - ઘાટકોપર પરિવાર તથા નુતન ઉપહાર ગૃહ ના સંપૂર્ણ દાતાશ્રી માતુશ્રી તારાબાઈ લહેરચંદ શીવજી નાગડા - ઘાટકોપર પરિવાર અને લીફ્ટ ના દાતાશ્રી માતુશ્રી પુષ્પાબેન ગોવિંદજી પૂનશી મોમાયા - મુંબઈ  પરિવાર નું. સાથે નવી વિંગનાં ૧૫ રૂમો અને હાલના અતિથિ ભવનના  ૧૦ રૂમો ના નુતની કરણના દાતાશ્રી પરિવારો નું તથા અન્ય લાભાર્થી પરિવારોનું પ્રતિક સન્માન કરવામાં આવ્યુ હતુ. તેમના નિઃસ્વાર્થ યોગદાનને કાર્યક્રમ માં ઉપસ્થિતો એ ઉભા થઇ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

કાર્યક્રમ દરમ્યાન શ્રીકચવન્ન નદું અને મેઘ નંદુ એ સુંદર શૈલીમાં ચડાવા અને કાર્યક્રમ સુત્ર સંચાલન કરેલ જેના કારણે સમગ્ર વાતાવરણ ઉત્સવમય બની ગયુ હતું.






કાર્યક્રમ દરમ્યાન અતિથિભવન ના નિર્માણ પાછળ રહેલા સ્વપ્નદ્રસ્ટા મહાનુભાવો, દાતાશ્રીઓ અને સમાજ ના શ્રેષ્ઠીઓના યોગદાન ને ભાવપૂર્વક યાદ કર્યુ હતુ. ખાસ કરી અતિથિભવન ના પાયાથી જોડાયેલા આગેવાનો અને દાતાશ્રીઓના સમર્પણને કારણે જ આજે આ સંસ્થા ગામ-જ્ઞાતિ,સમાજ માટે ગૌરવનું કેન્દ્ર બની છે. યુવા પેઢીને સંસ્થાના ઇતિહાસ અને મુલ્યોની જાણ થાય તેમજ તેઓ સમાજ સેવા ની પ્રવૃત્તિઓ સાથે વધુ ને વધુ જોડાય તેવો સંદેશ પણ આપવા માં આવ્યો હતો.

અતિથિભવન ના ટ્રસ્ટીશ્રીઓ એ જણાવ્યુ હતું કે છેલ્લા ૨૫ વર્ષ દરમ્યાન હજારો યાત્રીકો અને મહેમાનો તથા ગામવાસીઓ એ અતિથિભવનની સેવા ઓને લાભ લીધો છે. આ સફળતા પાછળ દાતાશ્રી પરિવારોનો ઉદાર સહયોગ ટ્રસ્ટીશ્રીઓની નિષ્ઠા અને સમગ્ર ગામ, સમાજ નો વિશ્વાસ મુખ્ય આધાર સ્તંભ રહ્યા છે.

કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા તમામ દાતાશ્રી પરિવારો, મુખ્ય અતિથિશ્રી, વિશેષ અતિથીશ્રીઓ, મહેમાનો, શાસન સેવકો તથા ઉપસ્થિત ગામવાસીઓ - નિયાણી બહેનો સહ પરિવાર નો હૃદુપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથેજ આગામી સમયમાં પણ અતિથિ ભવન સમાજ સેવા, સંસ્કાર અને એકતા









(સંગઠન) ની ભાવનાઓને વધુ મજબુત બનાવવાના સંકલ્પ સાથે આગળ વધશે. તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

રજત જયંતી વર્ષમહોત્સવ માત્ર ઉજવણી નો પ્રસંગ નહોતો પરંતુ ૨૫ વર્ષના ગૌરવશાળી ઇતિહાસ ને વંદન કરવાનો વર્તમાનમાં યોગદાન ને બિરદાવાનો અને ભવિષ્ય માટે નવી પ્રેરણા પ્રાપ્ત કરવાનો એક યાદગાર અવસર બની રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ભવ્યતા વ્યવસ્થિત આયોજન અને ભાવનાત્મક વાતાવરણ વચ્ચે શ્રી જય કેટરર્સ ના સથવારે સવારે નવકારશી બપોરે સાધર્મીક ભક્તિ ના આસ્વાદ માણી સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

આ રજત જયંતી મહોત્સવ તેમજ લોકાપર્ણ દરમ્યાન થનારા શ્રીહાન્હીકા મહોત્સવના ચડાવા ના કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટી શ્રી ચીમનલાલ હીરજી ખોના, શ્રી વિજયભાઈ વર્ધમાન ખોના, શ્રી મંચકભાઈ મોમાયા, શ્રી રૂપમભાઈ ભઠારા, શ્રી ઉમેશભાઈ મોતા, શ્રી લીનેષભાઈ નાગડા, શ્રી મનીષભાઈ નાગડા, શ્રી જયંતભાઈ છેડા, શ્રી ચેતનભાઈ ખોના અને ખાસ કરીને શ્રી લીતેશભાઈ ખોના એ ખુબજ મેહનત ઉઠાવી હતી.

આ પ્રસંગે કચ્છ થી સ્થાનિક ટ્રસ્ટી સુ.શ્રી જયાબેન પીર અતિથિ ભવનના ૨૫ વર્ષથી અવિરત સેવા આપતા મેનેજર શ્રી પવનભાઈ સાયલા તેમજ ગામવાસીઓ શ્રી સોમચંદભાઈ મોતા, શ્રી લલીતભાઈ ખોના, શ્રી મહેશભાઈ નાગડા, શ્રી જુગલભાઈ નાગડા - અંજાર, શ્રી ચંદ્રેશભાઈ નાગડા - વડોદરા, શ્રી કમલેશભાઈ લોડાયા - માણાવદર શ્રી હેમંત મોતા - લોનાવલા થી દાતાશ્રી પરિવાર શ્રી શૈલેષભઈ મોતા - બેંગ્લોરથી, શ્રી કલ્પેશભાઈ હરશુદથી, તેમજ શ્રીમતી પૂર્ણીમાબેન નાગડા લંડન થી તથા અમદાવાદના કચ્છી જૈન સમાજ ના પ્રમુખશ્રી દાતાશ્રી પરિવાર શ્રી હિરેનભાઈ કુંવરજી નાગડા અને શ્રી મહેન્દ્રભાઈ સુધાકર લાપશીયા - ભાવનગરથી તેમજ અન્ય મહાનુભાવો, ગામવાસીઓ આ કાર્યક્રમ માટે ખાસ પધાર્યા હતા.

આ પ્રસંગે શ્રી ક.દ. ઓ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા ના ટ્રસ્ટીગણ તેમજ શેઠ શ્રી ન.ના. ચેરીટી ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટી શ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમના સફળતાના શિલ્પીઓ શ્રી વિશાલભાઈ ભઠારા, શ્રી અમીત ખોના, શ્રી ફાલ્ગુન ખોના, શ્રી વિપુલભાઈ નાગડા, શ્રી અનિલભાઈ ખોના, શ્રી તીર્થ ખોના, શ્રી નેહુલ છેડા, શ્રી હિતુનભાઈ નાગડા, શ્રી ગિરિષભાઈ નાગડા, શ્રી નિતેશભાઈ છેડા, શ્રી લક્ષ ભઠારા, શ્રી વીણાબેન નાગડા, શ્રી નીલમબેન નાગડા, શ્રી ચારૂબેન નાગડા, શ્રી કોકીલાબેન, કુ. કૃતિકા ખોના, કુ. કાવ્યા નાગડા, શર્મીલાબેન શાહ, તથા નામી અનામી સર્વે શાસન સેવકોની અથાક મહેનત ના કારણે આ આયોજન સફળ થયુ છે. સર્વેનો ખુબ ખુબ આભાર સહ અનુમોદના.

યુ ટ્યુબ ચેનલના માધ્યમથી હજારો પરિવારો આ પ્રોગ્રામ Live જોયુ. તેમજ દાતા પરિવારના ફોટા સ્ક્રીનપર બતાડવાની જે જહેમત કરી એવા શ્રી તિર્થ અમિત ખોના, તેમજ સમગ્ર કાર્યક્રમની સુંદર ફોટોગ્રાફી અને વિડીઓ ગ્રાફી કરનાર શ્રી સતિશભાઈ ધરમશી, અને સરસ મજાના બૅનરો તેમજ ઇમેજ પ્રિંટીંગનું કામ કરી આપનાર શ્રી કૌશીકભાઈ ઉપાસના પ્રિંટીંગ તથા સુંદર ડેકોરેશન કરી આપનાર શ્રી આવાઝ ડેકોરેટર્સ સાથે સાથે નલીયા ગામની વિડીઓ ગ્રાફી અને ફોટો શુટ કરી આપનાર શ્રી રૂષભ નાગડા – ગાંધીધામ આ સર્વેનું અમોને ખુબજ સારો સાથ સહકાર મળ્યો તે બદલ અમો સર્વેના આભારી છીએ.

અતિથિભવન ના ગત ૨૫ વર્ષ માં આમારા ટ્રસ્ટ મંડળ તેમજ કાર્યકર્તા કે સ્ટાફ દ્વારા કંઇ પણ ભુલચુક કે કોઈરીતે પણ મન દુ:ખ થયુ હોય તો અમો આપશ્રી સર્વે ના ક્ષમાપાર્થી છીએ.

।। મિચ્છામી દુક્કડમ્ ।।







































































































## મુંબઈ જ્ઞાતિ મહાજનની યાત્રા પ્રવાસ સમિતિ આયોજિત સ્પીતિ વેલી ટૂર યાત્રીઓ માટે પ્રી-ટ્રીપ ગેટ-ટુ-ગેધરનું આયોજન

સ્પીતિ ટ્રાવેલર્સના સથવારે મુંબઈ જ્ઞાતિ મહાજનની યાત્રા પ્રવાસ સમિતિ આયોજિત સ્પીતિ વેલી ટૂર માટે જવા માટે ઉત્સાહ વધતો જાય છે. જેમાં સહભાગી થનારા બધા યાત્રિકો માટે પ્રી ટ્રીપ ગેટ ટુ ગેધરનું આયોજન રવિવાર તા.૫ જુલાઈના વ્હી-૪ ટર્ફ ભાંડુપ સ્થળે સવારે ૯ થી ૧૧ દરમ્યાન કરાયુ છે.

આ ગેટ ટુ ગેધરનો વિચાર બિલકુલ સરળ છે. અદ્‌ભૂત પ્રવાસ પર સાથે નીકળતાં પહેલાં સૌ મળીએ, પરિચય કરીએ, વાર્તાલાપ કરીએ અને આપણા સાથી પ્રવાસીઓને જાણીએ. સવારને આનંદપ્રદ બનાવવા માટે સૌ ટર્ફ પર મૈત્રીપૂર્ણ ક્રિકેટ મેચ રમીશું. ત્યારબાદ ભરપેટ નાસ્તો પણ કરીશું.

મોજ, મજા અને બંધન ઉપરાંત સમિતિ દ્વારા એક મહત્વપૂર્ણ બ્રીફીંગ સત્રનું આયોજન પણ કરશે. જેમાં ● પ્રવાસનો વિગત વાર કાર્યક્રમની જાણકારી ● શું સાથે રાખવું એની પેકિંગ ટિપ્સ ● સ્પીતિના હવામાન બાબતે જાણકારી આપી એને યોગ્ય ક્યાં કપડાં રાખવા તેની ભલામણ ● મહત્વપૂર્ણ મુસાફરી માટે માર્ગદર્શિકા અને સાવચેતીઓની જાણકારી ● તે ઉપરાંત કોઈને પણ ટ્રિપ સંબંધિત પ્રશ્નો પૂરછવા માટે સવાલ જવાબ સત્ર.

આ મેળાવડો દરેકને ટ્રિપ માટે વધુ સારી રીતે તૈયારી કરવા માટે મદદરૂપ થશે. સાથો સાથ પર્વતો પર જતાં પહેલાં મિત્રતા અને ટીમ ભાવના બનાવવાની તક આપશે. સૌ સહભાગી થનારાઓને આ સત્રમાં ખાસ જોડાવા અને સ્પીતિ સાહસની યાદગાર શરૂઆતને પ્રોત્સાહિત કરવાની ઈચ્છા રાખીએ છીએ.

શરૂઆતમાં અજાણ્યા, જીવનભર મુસાફરીના યાદગાર સાથી બનીએ.

વિશેષ નોંધ : ટૂરના ખર્ચનો બેલેન્સ પેમેન્ટ કેશમાં સાથે લેતા આવશો. બધે બધાએ ચોક્કસ આપવાનું અને ખાસ ક્રિકેટ રમવાનું છે. કદાચ કોઈ રમવા અક્ષમ્ય હોય તો રમત જોઈ રમનાર સૌને પ્રોત્સાહિત કરવા કૃપા બતાડશો. આપના સાથ સહકાર બદલ પ્રવાસ સમિતિ આભાર વ્યક્ત કરે છે.

## મુંબઈ જ્ઞાતિ મહાજન સિનિયર સિટીઝન સમિતિ આયોજિત હિમાચલ ટૂર ૨.૦ ના યાત્રીઓ માટે પ્રી-ટ્રીપ ગેટ ટુ ગેધરમાં જોડાવવા આમંત્રણ

મુંબઈ જ્ઞાતિ મહાજનની સિનિયર સિટીઝન સમિતિના સંગાથે હિમાચલ ટૂર પ્રવાસ ૨.૦ જેમાં ડેલ હાઉસી, કાંગડા, ધર્મશાળા, અમૃતસર જવા માટેનો ઉત્સાહ વધતો જાય છે. બાવનથી વધુ સિનિયર સિટીઝન જ્ઞાતિજનો પોતાના નામ નોંધાવ્યા છે. તેથી ટૂરમાં જવા પહેલાં બધા સહભાગી થનાર યાત્રિકો માટે ખાસ પ્રી ટ્રીપ ગેટ ટુ ગેધરનું આયોજન રવિવાર તા.૨ ઓગસ્ટના સાવરે ૯ થી ૧૧ વ્હી-૪ ટર્ફ, ઉષાનગર, ભાંડુપ સ્થળે કરેલ છે.

વિચાર બિલકુલ સરળ છે. અદ્‌ભૂત પ્રવાસ શરૂ કરતાં પહેલા સૌ પ્રવાસીઓ સાથે મળીએ, સાથીઓને જાણીએ, પરિચય, વાર્તાલાપ કરીએ. આ દિવસની સવારના આનંદપ્રદ બનાવવા માટે ટર્ફ ઉપર મૈત્રીપૂર્ણ ક્રિકેટ મેચ પણ રમીશું. ત્યારબાદ જોરદાર નાસ્તો કરીશું.

આ આયોજનમાં સમિતિ એક મહત્વપૂર્ણ બ્રીફીંગ સત્રનું આયોજન કરશે. જેમાં ● વિગતવાર પ્રવાસની માહિતીનો કાર્યક્રમ જણાવાશે ● શું સાથે રાખવું એની પેકિંગ ટિપ્સ અપાશે ● હિમાચલના હવામાનને અનુરૂપ કપડાં લેવા માટેની ભલામણો. મહત્વપૂર્ણ મુસાફરી માર્ગદર્શિકા અને સૂચના ભલામણો. કોઈપણ ટ્રીપ સંબંધિત કોઈના મનમાં પ્રશ્નો હોય તે માટે પ્રશ્ન જવાબ સત્ર પણ થશે.

આ મેળાવડો દરેક યાત્રિકોને માટે ટ્રીપ વધુ સારી થાય તેની તૈયારી માટે મદદરૂપ થશે. સાથોસાથ પર્વતો પર જતાં પહેલા મિત્રતા અને ટીમ ભાવના કેળવવા માટે તક આપશે.

સિનિયર સિટીઝન સમિતિ સહભાગી થનારા સૌ ટૂર યાત્રિકોને આ સત્રમાં જોડાવવા અને હિમાચલ સાહસની આ યાદગાર સફરને સ્મરણીય બનાવવા પ્રોત્સાહિત કરવા આગ્રહ કરીએ છીએ.

વિશેષ નોંધ : આપને વિનંતી ટૂરનો બેલેન્સ પેમેન્ટ કેશમાં સાથે લેતા આવવા વિનંતી. સૌએ ખાસ આવવાનું છે અને ક્રિકેટ રમવાનું છે. કદાચ કોઈ ક્રિકેટ રમવા અક્ષમ હોય તો મેચ નિહાળી આનંદ માણજો, અન્યને પ્રોત્સાહિત કરજો. આપના સાથ સહકાર બદલ સિનિયર સિટીઝન સમિતિ આભાર વ્યક્ત કરે છે.

# Anumodana

## Sanjivani Case - 234

| Name: Mr. Dilip Laxmichand Jain(Nagda) | Age : 62 Yrs. | Village: Goersama - Sendhwa |
|---|---|---|

| | |
|---|---|
| **Ureniuam Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 50,000.00 |
| **Ureniuam Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 1,000.00 |
| **LifeTime Patron/ Sanstha** | |
| Shri Goersama Baroi Jain Gnyati Mahajan | 25,000.00 |
| Shri KDO Jain Sangh , Pune ( H: Committee Members) | 8,000.00 |
| Shri DBKDO Jain Ekkm, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Mahajan, Suthari | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri Kirti Dhanji Dharamshi, Suthari - Bangalore (M/s. Deluxe Logistics Pvt. Ltd.) | 2,000.00 |
| **Gold Patron** | |
| Well Wisher | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher A... Silent Donor | 201,000.00 |
| Shri Manilal Padamshi Dand, Lala - Indore | 25,000.00 |
| Well Wisher ... Silent Donor | 20,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 15,000.00 |
| Shrimati Pushpaben Motichand Khpna, Jakhau - Ganjbasoda | 10,000.00 |
| Well Wisher, Jai Mataji | 5,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayera - Raipur | 5,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivar, Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivli | 3,000.00 |
| Shri Pratap Nenshi Dharamshi, Kothara - Mulund | 2,500.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Coimbatore - Nani Khavdi | 2,500.00 |
| Shri Ravi Navin Shah, Mulund | 1,100.00 |
| Well Wisher | 1,008.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Well Wisher | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 235

| Name: Mrs. Usha Vijay Poladia | Age : 64 Yrs. | Village: Dumra - Dombivli |
|---|---|---|

| | |
|---|---|
| **Ureniuam Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 15,000.00 |
| **Ureniuam Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **LifeTime Patron/ Sanstha** | |
| Shri DBKDO Jain Ekkm, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Mahajan, Suthari | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| **Diamond Patron** | |
| Shri KDO Jain Sarvodaya Mandal, Mulund | 2,000.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Virendra Lakhamshi Luthia, Raydhanjar - Chembur | 1,000.00 |
| Well Wisher | 1,000.00 |
| **Silver Patron** | |
| Shri Manojkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher A... Silent Donor | 51,000.00 |
| Well Wisher ... Silent Donor | 10,000.00 |
| Shri Raichand Malshi motta, Kuvapadhar - Salem | 6,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayera - Raipur | 2,000.00 |
| Shri Deepak K. Dharamshi, Navi Mumbai | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Chetan Somchand Munvar, Jakhau - Bellari | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

|| શ્રી સંભવનાથાય નમઃ || || શાસનપતિ શ્રી મહાવીર સ્વામિને નમઃ || || શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-રાજેન્દ્ર-જયશેખર સૂરિભ્યો નમઃ ||




ધર્મનગરી **કોલ્હાપૂર નગરે** ગુજરી સંઘ માં પરમપૂજ્ય પંન્યાસ

**શ્રી જયભાનુશેખર વિજયજી ગણિવર્ય** ના



# ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

એવમ્ હાલારના હિરલા દલતુંગીના લાડલા તપસ્વીરત્ન પૂજ્ય મુનિરાજ **શ્રી હીરશેખર વિજયજી મ.સા.** ના



# ગણિ-પંન્યાસ પદ પ્રદાન મહોત્સવ

## પ્રસન્નતાદાયી સાનિધ્ય

## સસ્નેહ સનિમંત્રણમ્

તાર્કિક શિરોમણી, શ્રમણી ગણનાયક પ.પૂ. શ્રી આચાર્યદેવ **શ્રી અભયશેખરસૂરીશ્વરજી મ.સા.**

ચાતુર્માસ નિશ્રાદાતા : યુવાક્રાંતિ પ્રવચનકાર, પ.પૂ. પંન્યાસ **શ્રી જયભાનુશેખર વિજયજી ગણિવર્ય** આદિ શ્રમણ-શ્રમણી ભગવંત

**મહોત્સવ પ્રારંભ એવમ્**
**ચાતુર્માસ પ્રવેશ :** અષાઢ સુદ ૩,
શુક્રવાર તા. ૧૭-૦૭-૨૦૨૬
સવારે ૯.૦૦ કલાકે

**પદ પ્રદાન સ્થળ**
શ્રી મરૂધર ભવન,
ગુજરી, કોલ્હાપૂર.

**પંન્યાસ પદ**
**પદારોહણ પર્વ :** અષાઢ સુદ ૬,
રવિવાર તા. ૧૯ જુલાઈ ૨૦૨૬
સવારે ૬.૦૦ કલાકે

## પદોત્સવના મંગલમય કાર્યક્રમ

**પ્રથમ દિવસ :** અષાઢ સુદ ૩, શુક્રવાર તા. ૧૭ જુલાઈ ૨૦૨૬

**પદોત્સવ સામૈયા એવમ્ ચાતુર્માસ પ્રવેશ**

પૂજ્યપાદ ગુરૂદેવશ્રી ના વિશાલ શ્રમણ-શ્રમણી વૃંદ સાથે **ભવ્ય પ્રવેશોત્સવ**

સવારે ૯.૦૦ કલાકે : **ભવ્ય સામૈયા પ્રારંભ** • સ્થળ : બિંદૂ ચૌક થી ભવ્ય સામૈયો વરઘોડો

સંગીતકાર : રાજ ઓસવાલ, રોનિત ઓસવાલ • કાર્યક્રમ પછી સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી.

**દ્વિતીય દિવસ :** અષાઢ સુદ ૪, શનિવાર તા. ૧૮ જુલાઈ ૨૦૨૬

સવારે ૧૦.૦૦ કલાકે : **શ્રી વર્ધમાન વિદ્યાપટ પૂજન**

વિધિકાર : વિક્રમભાઈ ગુરૂજી (હુબલી) • સંગીતકાર : અક્ષત સંઘવી (સાંગલી)

## પુજનના લાભાર્થી

પ.પૂ. પં. શ્રી જયભાનુશેખર વિજયજી ગણિવર્ય એવમ્ પ.પૂ. મુનિ શ્રી હીરશેખર વિજયજી મ.સા. ના સંસારી પરિવાર

**માતા-પિતા : ધનલક્ષ્મીબેન પાસુભાઈ દેવજી લાપસિયા** (દલતુંગી)

ભાઈ-ભાભી : નિલમબેન દેવેન્દ્ર લાપસિયા, સુમનબેન નરેન્દ્ર લાપસિયા, મનીષાબેન ભરત લાપસિયા

બેન-બનેવી : જ્યોતિબેન સુનીલભાઈ લોડાયા

ભત્રીજા : પરિતા કેયૂર લાપસિયા, યશ, રોનક, ઉર્વશી • ભાણેજ : હિયાન-ફોરમ પારસ લોડાયા, એકતા

સંસારી પરિવાર તરફથી મૂલવતન દલતુંગી જામનગર (સૌરાષ્ટ્ર)માં જીવદયા, અનુકંપા આદિના અનુષ્ઠાનનું આયોજન છે.

**તૃતીય દિવસ :** અષાઢ સુદ ૫, રવિવાર તા. ૧૯ જુલાઈ ૨૦૨૬

સવારે ૬.૦૦ કલાકે : **પદપ્રદાન મહોત્સવ**

મંચ સંચાલક : સ્મિત કોઠારી (મુંબઈ) • સંગીતકાર : અનિશ રાઠોડ (મુંબઈ)

સ્થળ : મરૂધર ભવન, ગુજરી કોલ્હાપૂર. • કાર્યક્રમ પછી શ્રી સંઘ નવકારશીનું આયોજનનો લાભ લેશો.

બાહર ગામ થી પધારેલા સર્વે મેહમાનોની ત્રણે સમયની **સાધર્મિક ભક્તિ** શ્રી સંઘ તરફથી રહેશે.

બહારગામથી પધારેલા મહેમાનોએ ત્રણેય દિવસ રહેવા આવાસ-નિવાસની વ્યવસ્થા માટે અગાઉથી આ નંબર પર જાણ કરવી.

**પ્રવિણજી** - 94047 03363 • **મહેન્દ્રજી** - 93707 57893 • **મુકેશજી** - 86006 37261

નિમંત્રક એવમ્ ચાતુર્માસ સ્થળ

## શ્રી સંભવનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ

સંભવનાથ ચોક, ગુજરી, કોલ્હાપૂર. સંપર્ક : રાજેશ નિંબજીયા - 94226 25656 | ઉત્તમ ઓસવાલ - 98901 26593

CHINTAN GRAPHICS - 98336 64426



|| ગિરનાર તીર્થમંડન શ્રી નેમિનાથાય નમો નમઃ ||
ગિરનાર મહાતીર્થે
સામુદાયિક ચાતુર્માસિક આરાધનાનો
વિરાટ શંખનાદ
દિવ્યકૃપા / શુભાશિષ :
શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભ-વીરભદ્રસાગરસૂરિભ્યો નમઃ
કલ્યાણકભૂમિ શ્રી ગિરનાર મહાતીર્થે
૨૨માં તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુના દિવ્ય સાનિધ્યમાં
૫૦૦૦ થી અધિક ઉપવાસી તપના તપસમ્રાટ,
૨૬ માં વર્ષીતપના તપપ્રભાવક, અજોડ શાસનપ્રભાવક,
પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.,
પ.પૂ. મુનિરાજશ્રી કલ્પતરૂસાગરજી મ.સા.ના
જાજરમાન ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે
સમસ્ત જ્ઞાતિ મહાજનને પધારવા
પ્રેમભર્યું આમંત્રણ...
પાવન પ્રવેશ
Saturday
25th July 2026
ગિરનાર દર્શન ધર્મશાળા,
ગિરનાર
અચલગચ્છના ઈતિહાસમાં ગિરનાર મહાતીર્થ પર
સંપૂર્ણ ચાતુર્માસનો લાભ લઈ નવો કિર્તીમાન સ્થાપીત કરનાર
પુણ્યવંત પરિવાર
શ્રીમતી ગીતાબેન પરેશભાઈ લોડાયા
પરિવાર (જખૌ-બેંગલોર)
પહેલી એવી ઘટના છે ગિરનાર મહાતીર્થ પર
અચલગચ્છના ઈતિહાસમાં સંપૂર્ણ ચાતુર્માસનો લાભ
જો કોઈ પરિવારે લીધેલ હોય તો તે
શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના પરિવારે લીધેલ છે.
આવો ઉત્તમ સત્કાર્ય કરીને
સમસ્ત શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિને ગૌરવવંતું કર્યુ છે
તે બદલ પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના...
આયોજક : સહભાવ ફાઉન્ડેશન

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન થી ઓગસ્ટ થી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| ૦૩ જુલાઈ ૨૦૨૬ | શ્રી મંજલ રેલડીયા જૈન સંઘ દેરાસર સંકુલમાં ગુરૂ ગુણોદય મંદિર તથા ઉપાશ્રયના ખનન / શિલારોપણ |
| ૦૫ જુલાઈ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત જૈનત્વની કથા શ્રેણી-૪. પ્રસ્તુતી પંડિત વર્ય વિશાલભાઇ ધરમશી. સ્થળ : પર્લ બેન્ક્વેટ, આશા નગર, મુલુંડ પ. સવારે ૯.૦૦ ક. થી |
| ૧૨ જુલાઈ ૨૦૨૬ | અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગર સાગર સુરીશ્વરજી મ.સા. આદી ઠાણાઓનો ચાતુર્માસ પ્રવેશ-અનંત સિધ્ધિ, ભાંડુપ. |
| ૨૧ જુલાઈ ૨૦૨૬ | નલિયામાં ખોના ફળિયામાં બિરાજમાન ખોના પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની સમૂહ નૈવેધ પ્રસાદ પહેડી સવારના ચડતે પહોરે, નલિયા સ્થાનકે. |
| ૨૪-૨૬ જુલાઇ ૨૦૨૬ | શ્રી કચ્છી ઓશવાળ જૈન એસોશિએશન નોર્થ અમેરીકા આયોજિત સ્નેહમિલન : ન્યુ જર્સી, અમેરિકા. |
| ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ | શ્રી વરાડીયા તીર્થ: શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય ૧૨૪ મો ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ |
| ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ તરફથી નર્સરીથી ધો. ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય : વી.એલ.વી.જી., ઘાટકોપર. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ. |


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સોનબાઈ ગોશર**

તા. ૨૧ જૂન (ઉ.વ.૯૨)

બાયઠ – થાણે(ચેકનાકા)



**પુષ્પાબેન ખોના**

તા.૨૧ જૂન (ઉ.વ. ૭૫)

જખૌ – વિલેપાર્લે



**પ્રવીણભાઈ ગજરા**

તા. ૨૨ જૂન (ઉ.વ.૪૬)

છાડુરા



**ખુશાલભાઈ મૈશેરી**

તા.૨૨ જૂન (ઉ.વ.૬૭)

નાની સીંધોડી – વાપી



**દાનેશ્વર મોમાયા**

તા. ૨૫ જૂન (ઉ.વ.૬૬)

સાંયેરા – મસ્જિદબંદર



**ઉષા લોડાયા**

તા. ૨૭ જૂન (ઉ.વ.૫૭)

સાંધવ – લોકાપૂર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● અમેરિકા ઈઝરાયેલના ઈરાન સાથેના યુધ્ધની અસર ભારતમાં રાંધણગેસ પર પડી રહી છે. જેને લીધે રેસ્ટોરેન્ટ, લોજ, હોટેલ, ઢાબાના વ્યવસાય પર માઠી અસર પડી છે. આ વિકટ સમયમાં માતાના મઢ અન્નક્ષેત્ર પર પ્રસાદ ભોજન વિતરણ કરવા માટે કોઈ અસર થશે નહી. દેશદેવી મા આશાપુરાજીના દર્શને આવતા તમામ શ્રધ્ધાળુઓને પ્રસાદ ભોજન અવિરત મળી રહેશે. માતાના મઢ જાગીર ટ્રસ્ટ અન્નક્ષેત્રના રસોડામાં રાંધણ ગેસ સાથે કેરોસીન ડિઝલથી ચાલતા ચૂલાઓની વ્યવસ્થા વર્ષોથી છે. પાંચ જેટલા મોટા ચૂલા ગેસથી જ્યારે કેરોસીન ડીઝલથી ૧૬ ચૂલા કાર્યન્વિત છે.

● ડિજિટલ ગુજરાતના સરકારના પ્રયાસો અને બીજી બાજુ ટિકિટના કિલોમીટર મુજબના દરોને કારણે મુસાફરોને ટિકિટ લેવા સમયે છૂટા પૈસાની મગજમારીની અવારનવાર બનતી ઘટનાઓ નિવારવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ–એસ.ટી.બસોમાં ઓનલાઈન ચૂકવણું સ્વીકારવાની સુવિધાનો આરંભ કર્યો છે. જે કચ્છના ૪૫૦ રૂટમાં તબક્કાવાર અમલમાં મૂકાશે. હાલમાં એક્સપ્રેસ રૂટ અને ભુજ તાલુકામાં કેટલાક રૂટ પર આ સેવા અમલી બનાવાઈ છે. હાલે ૨૦૦ મશીન મળી ચૂક્યા છે. વધુ ૨૫૦ મશીન માટે નિગમને માંગ કરાઈ છે. કંડક્ટરને જે ગામે જવાનું છે એ કહેતા તેનો ખાસ ક્યૂઆર કોડ જનરેટ થશે. એ પ્રમાણે જ તેના ટિકિટ ભાડાની રકમ પણ સ્ક્રીન પર આવી જશે અને મુસાફર પોતાના મોબાઈલથી એ કોડને સ્કેન કરીને ચૂકવણી કરી શકશે.

● મિડલ ઈસ્ટ દેશોમાં મહાયુધ્ધની સ્થિત વચ્ચે ઘરેલું રાંધણ ગેસ માટે સરકારે એલપીજીની સાથે પીએનજી એટલે કે પાઈપ નેચરલ ગેસનો વ્યાપ વધારવા પર ભાર મૂક્યો છે. કચ્છમાં ગુજરાત ગેસ દ્વારા પાઈપ લાઈન વાટે ગેસ વિતરણ કરવામાં આવી રહ્યું છે. જે ભુજ માધાપર નવાવાસ જૂનાવાસ અને પધ્ધર તેમજ મુંદરામાં કેટલાક વિસ્તારમાં જ પાઈપલાઈન નેટવર્ક પહોંચ્યું છે. ૧.૬૬ લાખ ઘરોને જોડાવાનું આયોજન છે. પણ એ લક્ષ્યાંક પહોંચવા સમય લાગી શકે છે. વિશાળ વિસ્તાર ધરાવતા કચ્છ જિલ્લામાં કુલ્લ સાડા પાંચ લાખ એલપીજી ગ્રાહકો સામે માત્ર સોળ હજાર પીએનજી જોડાણ ઘરોમાં પહોંચ્યું છે.

● ભુજ તાલુકાના કુકમા ગામના પ્રકૃતિ પ્રેમી દંપતી મહેન્દ્રભાઈ ટાંક તથા તેમના પત્ની જ્યોતિબેન ટાંક છેલ્લાં ચાર વર્ષથી પંખીઓની સાર સંભાળ લે છે ચકલી માટેના નાના ઘર રાખવાથી થયેલી શરૂઆત આજે પંખી મેળો સર્જ્યો છે. આ દંપતી પંખીઓ માટે ચણ, પીવા માટે પાણી નિયમિત મૂકે છે. સવારે નિયત સમયે તેમના ઘરની સામે તાર પર પંખીઓ હારમાળા કરી બેસે છે. પંખીઓના મીઠા કલરવથી વાતાવરણ જીવંત બની જાય છે. એમને ત્યાં ચકલી, કબૂતર, કોયલ, કાબર, દેવ ચકલી (રોબીન), કાળો કોશ (ડ્રોંગો) હોલા, ઘંટી ટાંકણે જેવા પક્ષીઓ ડેરો નાંખે છે. આ કાર્યમાં તેના પુત્ર–પુત્રવધૂ પણ પૂરો સહકાર આપે છે. પંખીઓ માટે ફૂલઝાડના માવજત કરે છે. કુકમાના આ પરિવારનું કાર્ય પ્રકૃતિ પ્રત્યેના પ્રેમ અને સંવેદનાનો જીવંત સંદેશો આપે છે. આપણા દ્વારા કરાતી દાણા પાણીની મદદ અને પક્ષીઓના જીવન બચાવનારી સાબિત થઈ શકે છે.

● કેન્સરની બીમારી અંગે સંશોધન કરતી વિશ્વની સૌથી મોટી સંસ્થા અમેરિકન સોસાયટી ઓફ ક્લિનિકલ ઓન્કોલોજીના ક્લિનિકલ સંશોધન માટે ઈટાલીમાં યોજાયેલા કોર્સમાં મૂળ ભુજના હાલે મુંબઈ રહેતા ડૉ. કૃણાલ નૈશદભાઈ જોબનપુત્રાની પસંદગી કરાઈ હતી. આ કોર્સ માટે વિશ્વભરના માત્ર ૨૫ ઓન્કોલોજિસ્ટને પસંદ કરાયા હતા. જેમાં ડૉ. કુણાલની પસંદગી કચ્છી–ગુજરાતીએ માટે ગૌરવપૂર્ણ છે. ડૉ. કુણાલ જોબનપુત્રાએ આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમ સાથે કેન્સર ટ્રાયલ થકી એડવાન્સ પરિક્ષણનું પ્રશિક્ષણ મેળવ્યું હતું. ડૉ. કુણાલ સ્પેન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાં શોધપત્રો રજૂ કરી. જીવલેણ બીમારી કેન્સરનું સચોટ વિશ્લેષણ કર્યું છે. વૈશ્વિક દરજ્જાના તબીબોનું માર્ગદર્શન પણ મેળવ્યું છે.

# ગુર્જરમાત
## ફન કલબ

## વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર


A-4 બુક



A-5 બુક



લોંગ બુક





જમ્બો બુક



**72 પેજ, 140 પેજ અને 172 પેજીસ**

**એક ડઝન પર એક ડઝન ફ્રી નોટબુક**




B-3, Krishna Kunj, Valji Laddha Road, Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).

**Contact : 98690 05403 / 93222 57731**